# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2025-26/394 Dt. 09/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના સભ્યોની પોલીસ કંટ્રોલ રૂમની મુલાકાત, ટ્રાફિક મોનિટરિંગની જાણકારી મેળવી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સભ્યોએ મંગળવાર, તા. ૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ટ્રાફિક નિયમોની જાણકારી મેળવવાના હેતુથી સુરત પોલીસ કન્ટ્રોલ રૂમની મુલાકાત લીધી હતી. સુરતના પોલીસ અધિકારીઓએ ચેમ્બરના સભ્યોને પોલીસ કંટ્રોલ રૂમની કાર્યપદ્ધતિ અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે ખાસ કરીને વેરી હાય ફ્રિકવન્સી કોમ્યુનિકેશન સિસ્ટમ વિશે સમજાવતા જણાવ્યું કે, પોલીસ વિભાગ વચ્ચે તાત્કાલિક અને અસરકારક સંચાર માટે આ ટેકનોલોજી અત્યંત મહત્વપૂર્ણ છે.

પોલીસ અધિકારીઓએ દેશવ્યાપી આપાતકાલીન સેવા નંબર ૧૧૨ વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી. આ નંબર પર કોલ કરવાથી નાગરિકોને પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ (મેડિકલ) જેવી તાત્કાલિક સેવાઓ ઝડપથી ઉપલબ્ધ થાય છે તે સમજાવવામાં આવ્યું હતું. સભ્યોને કંટ્રોલ રૂમમાં સ્થાપિત આધુનિક સીસીટીવી કેમેરા નેટવર્ક પણ દર્શાવવામાં આવ્યું હતું. ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકોને કેમેરાની મદદથી કેવી રીતે ઓળખી ઇ–ચલણ આપવામાં આવે છે તેની પ્રેક્ટિકલ પ્રક્રિયા સમજાવવામાં આવી હતી.

ચેમ્બરની ટ્રાફિક અવેરનેસ એન્ડ એજ્યુકેશન કમિટીના ચેરપર્સન શ્રીમતી કામિનીબેન ડુમસવાલાના નેજા હેઠળ યોજાયેલી આ મુલાકાત સભ્યો માટે ખૂબ જ માહિતીસભર અને જાગૃતિ લાવનારી સાબિત થઈ હતી. સભ્યોએ પોલીસ વિભાગની ટેકનોલોજી આધારિત કામગીરી અને નાગરિક સુરક્ષા માટેના પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

પોલીસની કામગીરી અને ટ્રાફિક નિયમન વ્યવસ્થાને જાણવાની ઇચ્છા ધરાવતા એનજીઓ, સામાજિક સંસ્થાઓ તેમજ રસ ધરાવતા નાગરિકો ચેમ્બર ઓફ કોમર્સનો સંપર્ક સાધી શકે છે. ચેમ્બર દ્વારા તેઓ માટે પોલીસ કન્ટ્રોલ રૂમની મુલાકાતનું આયોજન કરવામાં આવશે, જેથી કરીને તેઓ પોલીસ વિભાગની કાર્યપદ્ધતિ, તાત્કાલિક પ્રતિસાદ વ્યવસ્થા અને ટેકનોલોજી આધારિત સેવાઓ અંગે વિસ્તૃત માહિતી મેળવી શકશે.